Dec. 2015

37

(ISSN : 2321-2853)

# International Journal of Research in all Subjects in Multi Languages (IJRSML)

Vol. 3, Issue 10, Nov.-Dec. :2015

RAIJMR.COM

**Editor-In-Chief**

RET Academy for International Journals of Multidisciplinary Research (RAIJMR)

www.raijmr.com

# International Journal of Research in all Subjects in Multi Languages

## (IJRSML)

ISSN: 2321-2853

Vol. 3, Issue: 10, Nov.- Dec. : 2015



| Sr. | Contents | Pg. No. |
|---|---|---|
| 1 | ગુજરાતી સાહિત્ય પર પાશ્ચાત્ય સાહિત્યનો પ્રભાવ<br>*ડૉ. મોહન દવે* | 1-6 |
| 2 | दो वर्षीय बी.एड. कार्यक्रम : एक विश्लेषण<br>*डॉ. नरेन्द्र कुमार पाठक* | 7-9 |
| 3 | '(લઘુ) અર્હન્નીતિ' માં પ્રાયશ્ચિત વિચાર<br>*ડૉ. સુરેખા કે. પટેલ* | 10-18 |
| 4 | Users' Responses towards Rendering of Library Services<br>*Nareshkumar T. Patel* | 19-23 |
| 5 | બી.એડ્ના તાલીમાર્થીઓમાં મૂલ્ય કેળવણીનો પસંદિત ચલોના સંદર્ભમાં અભ્યાસ<br>*નયનાબેન ડી. શુક્લ* | 24-26 |
| 6 | Life's Vision in Vedas<br>*Dr. Ashokkumar L. Patel* | 27-29 |
| 7 | ભક્તિરસની કવયિત્રી ભોલીબાઈ<br>*ડૉ. શિવરામ જે. શ્રીમાળી* | 30-34 |
| 8 | समाजशास्त्रीय विकास के लिए शारीरिक शिक्षा<br>*लक्ष्मणभाई व. गोल* | 35-38 |
| 9 | ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ પર્યાવરણ સભાનતા માટે મલ્ટીમીડિયા કાર્યક્રમની રચના અને અસરકારકતા<br>*ચેતનકુમાર રમેશભાઇ પટેલ* | 39-50 |

Vol. 3, Issue: 10, Nov.-Dec.: 2015
(IJRSML) ISSN: 2321 - 2853

# ગુજરાતી સાહિત્ય પર પાશ્ચાત્ય સાહિત્યનો પ્રભાવ

ડૉ.સોહન દવે
(અધ્યક્ષ, ગુજરાતી વિભાગ)
જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટ્સ, પાલનપુર

આપણી સંસ્કૃતિ પશ્ચિમની ખીલતી, વિસ્તરતીને આક્રમણ કરતી સંસ્કૃતિના સંસર્ગમાં જ્યારથી આવી ત્યારથી આપણો અર્વાચીન યુગ શરૂ થયો. આ પૂર્વે પણ આપણા દેશની પ્રાચીન સંસ્કૃતિ પરદેશી સંસ્કૃતિના સંપર્કમાં ઘણીવાર આવેલી ખરી, પણ પશ્ચિમી સંસ્કૃતિની જેટલી વ્યાપક અસર આપણા સમસ્ત જીવન પર થઈ છે તેટલી સઘન પહેલાંના કોઈપણ સંપર્કથી થઈ ન હતી. પશ્ચિમી સંસ્કૃતિનો આ ૧૯મી સદીનો જુવાળ દેશમાં પૂર્ણ રીતે વ્યાપી ગયો. પશ્ચિમની સંસ્કૃતિ જીવનના સર્વ પ્રદેશોને સ્પર્શી ગઈ. જીવન તરફની આખી દૃષ્ટિ એણે બદલાવી છે.

એક સાહિત્યની બીજા સાહિત્ય પરની અસરના દાખલા લગભગ દરેક સાહિત્યના ઈતિહાસ માંથી મળી રહેશે. ભારતની મોટાભાગની ભાષાઓ – સાહિત્યકલાઓ ઉપર અંગ્રેજી – પાશ્ચાત્ય સાહિત્ય અને સંસ્કૃતિનો પ્રભાવ રહેલો છે. જો કે; અંગ્રેજી સાહિત્ય પોતે પણ અન્ય સાહિત્યોથી છે ક જ અલિપ્ત રહી, સ્વતંત્ર રીતે વિકસ્યું નથી. ગુજરાતી સાહિત્યમાં બન્યું છે તેમ અંગ્રેજી સાહિત્ય વિવિધ તબક્કાઓમાંથી પસાર થતું જોવા મળે છે. ૧૬મી સદીમાં અંગ્રેજી સાહિત્યના મધ્યયુગનો અંત આવી સાંપ્રત એટલે કે મોડર્ન યુગનો આરંભ થાય છે. આ મોડર્ન યુગના સાહિત્યનો વિચાર કરીએ તો પણ જ્યારે જ્યારે તે સાહિત્યનું વહેણ બદલાતું દેખાય છે ત્યારે ત્યારે તે પર કોઈને કોઈ પરદેશી સાહિત્ય પ્રભાવક બન્યાનું નોંધાયું છે. ખુદ શેક્સપિયર જ પ્રાચીનકાળના ગ્રીક-રોમન અને તળલૂમિના, એમ દેશી-વિદેશી તંતુઓની આંતરગૂંથણીની જ પેદાશ છે. આથી આગળ ચાલી આપણે ત્યાં જે ઘણા જાણીતા થયા છે તે ૧૯મી સદીના વર્ડ્ઝવર્થ કે કોલરિજ જેવા રોમેન્ટિક કવિ-વિવેચકોના વૈચારિક સ્રોતો તપાસીએ તો જર્મન અસરો દેખાય છે. તે જ રીતે ટી.એસ.એલિયટ જેવી સર્જક પ્રતિભા પર દાખલા તરીકે, ફ્રેન્ચ પ્રતીકવાદી કવિતા તેમ જ તે જેના પર રચાયેલી છે તે રસશાસ્ત્રની અસર જાણીતી છે.

આપણા ગુજરાતી સર્જકોએ શેક્સપિયરથી માંડીને એલિયટ સુધીની એકથી વધુ અંગ્રેજ પ્રતિભાની અસર ઝીલી છે. પણ સીધી રીતે ઝીલેલી આ અસરોની સાથે સાથે તે આ અંગ્રેજ પ્રતિભાઓને પણ પોષતી ગ્રીક-રોમન કે જર્મન કે ફ્રેન્ચ અસરોના આડકતરા સંપર્કમાં પણ મુકાઈ છે, અને તે પાશ્ચાત્ય સાહિત્યના અને આગળ ચાલી વિશ્વસાહિત્યના વિશાળ પ્રવાહથી સ્પર્શાઈ છે તો તે આમ પ્રત્યક્ષ તેમજ અપ્રત્યક્ષ રીતે. આ પરથી પાશ્ચાત્યના ગુજરાતી સાહિત્ય પરના પ્રભાવનો વ્યાપ અને તેનું ઊંડાણ કેટલે દૂર સુધી વિસ્તર્યાં છે તેનો સહેજે ક્યાસ કાઢી શકાય.

આપણે જાણીએ છીએ કે મધ્યકાલનું સાહિત્ય ધર્મપ્રધાન, ધાર્મિક સંસ્કારોને પરિણામે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ દેતું, પરલોક અને પરમેશ્વર તરફ જ ઈંગિત કરતું સાહિત્ય હતું. પશ્ચિમના પ્રભાવથી ગુજરાતી સાહિત્યે નિરાળું વ્યક્તિત્વ ધારણ કર્યું. અંગ્રેજોના આગમનની સાથે જ તેમની યંત્રપ્રધાન સંસ્કૃતિ, ધર્મ અને સામાજિક રીત-રિવાજોના પરિચયમાં આપણે આવ્યાં. આપણી દૃષ્ટિ કલ્પનાનો નહિ પણ વાસ્તવિકતાનો સ્વીકાર કરવા તરફ વળી. અર્વાચીન સર્જકોએ પ્રભુને સ્થાને માનવીને બેસાડી તેને પોતાની પૂજા સમર્પવી શરૂ કરી. માનવ વ્યવહારનો પ્રદેશ સાહિત્ય માટે મોકળો થઈ ગયો. એક મનુષ્યને બીજા મનુષ્યમાં રસ પડ્યો કારણકે તે સંવેદનશીલ છે. આથી નવો કવિ, પોતાના ઊર્મિ, વિચાર કલ્પના અને દર્શનને, જીવન અને જગતના પોતાના પર થતા અનુભાવો-અનુભવોને, ગમે તેટલા માનુષી હોય તો પણ, કોઈ આડપડદા વગર, વિના સંકોચે ગાતો થયો. પશ્ચિમના સાહિત્યની આ અસર.